# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2553 ❖ વૈશાખ પૂર્ણિમા ❖ 9 મે 2009 ❖ વર્ષ – ૧૦ ❖ અંક – ૨ ❖ સળંગ અંક - 110

## ધમ્મવાણી

यस्स पुरे च पच्छा च, मज्झे च नत्थि किञ्चनं ।
अकिञ्चनं अनादानं, तमहं ब्रूमि ब्राह्मणं ।।
धम्मपद – ४२१, ब्राह्मणवग्गो

જેની આગળ, પાછળ અને વચ્ચે કોઈ નથી, અર્થાત્ જે ભૂત, ભવિષ્ય અને વર્તમાનની બધી કામનાઓથી મુક્ત છે, જે અકિંચન અને અપરિગ્રહી છે, તેને હું બ્રાહ્મણ કહું છું.

## સ્વાવલંબી બનો

**(હિન્દી નવ વર્ષ પર પૂજ્ય ગુરૂદેવનો સંદેશ)**

નવા વર્ષની સામૂહિક સાધનામાં સામેલ થયાં છીએ. તો સમજીએ, મહત્ત્વ સામૂહિક સાધનાનું છે, નવા વર્ષનું નહીં. આપણા માટે પ્રતિદિન નવું વર્ષ છે. પ્રતિક્ષણ નવી ક્ષણ છે. પ્રતિક્ષણને મહત્ત્વ દેવાનું છે, સાધનાને મહત્ત્વ દેવાનું છે. સારું છે, આજે સમૂહમાં એકત્ર થયાં. ભગવાને કહ્યું, समग्गानं तपो सुखो એકી સાથે મળીને તપ કરવામાં મોટું સુખ છે. સુખ શું છે ? દુઃખ દૂર થઈ જાય, તો સુખ છે. તો સાધના એટલે કરીએ છીએ કે દુઃખ દૂર થાય. શાનું દુઃખ છે ? આપણા મનના વિકારોનું દુઃખ છે. દુઃખનું કારણ બહાર - બહાર જોતાં - જોતાં આખું જીવન વીતી જાય છે. આ બહારનાં કારણોને દૂર કરવાની કોશિશ કરતાં - કરતાં આખું જીવન વીતી જાય છે. જ્યારે એ હોશ જાગે કે બહારની ઘટના ભલે ગમે તેવી હોય, દુઃખ તો મારી ભીતર જાગ્યું. શા માટે જાગ્યું ? કેમ કે ભીતર મેં વિકાર જગાવ્યો. જેવો વિકાર જગાવ્યો કે દુઃખ જગાવી લીધું અને વિકાર જગાવવાના સ્વભાવને પુષ્ટ કરવા લાગ્યો. જીવનમાં વારંવાર આવી પરિસ્થિતિઓ આવતી રહેશે અને વારંવાર હું વિકાર જગાવતો રહીશ, પોતાનાં દુઃખોનું સંવર્ધન કરતો રહીશ તો છુટકારો કેમ થશે ?

દુઃખનાં બાહ્ય કારણોને પણ દૂર કરીએ, એમાં કોઈ દોષ નથી. પણ મુખ્ય વાત એ છે કે ભીતરનાં કારણોને દૂર કરીએ. ભીતર વિકાર જગાવવાનો જે સ્વભાવ થઈ ગયો - ક્યારેક આ વાતને લઈને વિકાર જગાવ્યો, ક્યારેક પેલી વાતને લઈને વિકાર જગાવ્યો. તો દુઃખી રહેવાનો સ્વભાવ થઈ ગયો. ઈચ્છીએ છીએ કે દુઃખમાંથી મુક્તિ થાય અને સ્વભાવ એવો બનાવી લીધો કે જ્યારે જુઓ ત્યારે, સુખદ અનુભૂતિ થઈ કે રાગ જગાવ્યો, આસક્તિ જગાવી અને દુઃખદ અનુભૂતિ થઈ કે દ્વેષ જગાવ્યો. આ ક્રમ ચાલતો જ રહે છે. રાત-દિવસ ચાલતો રહે છે. ગાઢ નીંદરમાં સૂતાં હોઈએ તો પણ, શરીરમાં કોઈ સંવેદના થાય - દુઃખદ લાગે કે દ્વેષ જગાવીએ, સુખદ લાગે કે રાગ જગાવીએ. ચોવીસે કલાકનો આ સ્વભાવ. આને તોડવા માટે જ વિપશ્યના છે. તો સજાગ રહીને આપણે સંવેદનાનો અનુભવ કરી રહ્યાં છીએ. સુખદ હોય, દુઃખદ હોય કે ન્યુટ્રલ હોય. જેવી પણ હોય, આપણે વિકાર નથી જગાવતાં. અરે બહુ જગાવી લીધા ભાઈ ! વિકારોના ગુલામ તો કોણ જાણે કેટલા જન્મોથી રહેતા આવ્યા ! અને હજુ પણ, આ જીવનમાં પણ એ જ ગુલામી ! બહુ ભાગ્યથી વિપશ્યના મળી. મુક્તિનો માર્ગ મળ્યો. વિકાર જગાવવાના સ્વભાવથી છુટકારો પામવાનો માર્ગ મળ્યો અને તેનો સાચી રીતે ઉપયોગ ન કરીએ, તો આપણી અણસમજ કહેવાય. આ અણસમજમાંથી બહાર નીકળવું છે. વિપશ્યનાના શુદ્ધ સ્વરૂપને સમજતાં રહીશું તો આવી અણસમજ નહિ થાય.

મારી ભીતરના વિકારો સાથે મારે જ લડવાનું છે. મારે જ તેમને પરાજિત કરવાના છે, તેમનું નિરાકરણ કરવાનું છે, તેમને દૂર કરવાના છે. આવું સમજતાં અહંકાર નથી જગાવી રહ્યાં. અહંકાર જગાવવાની શી વાત ? આપણા હાથ ગંદા થઈ જાય, શરીર મેલું થઈ જાય, તો તુરંત તેને ધોઈને સાફ કરીએ છીએ. ત્યારે અહંકાર થોડા જગાવીએ છીએ કે જુઓ, મેં મારા હાથનો મેલ ઉતારી નાખ્યો ! શરીરનો મેલ ઉતારી નાખ્યો ! અરે, મેલું થયું તો મેલ ઉતારવાનો જ હોય. મારી જવાબદારી છે. બીજું કોણ કરે ! બરાબર આ રીતે મનમાં મેલ જાગ્યો છે, તો તેની સફાઈ મારે જ કરવાની છે. એ મારી જવાબદારી છે. અહંકારની વાત નથી.

દરેક સાધકે એ વાત સારી રીતે સમજી લેવી જોઈએ કે પોતાનું મન મેલું કરવાની પૂરી અણસમજ પોતાની હતી. કોઈ બીજી બહારની શક્તિએ, કોઈ અદૃશ્ય સત્તાએ મારા મનને મેલું નથી કર્યું. શી પડી છે કોઈ અદૃશ્ય સત્તાને કે તે લોકોનાં મનને મેલાં કરતી રહે, તેમને દુઃખી બનાવતી રહે ? આપણી પોતાની અણસમજ છે. હોશ ન હતા તો મનમાં મેલ જગાવતા રહ્યા. હવે આપણી સમજદારી છે કે આપણે નવો મેલ ન ચઢવા દઈએ અને પુરાણાને ઉતારતાં જઈએ, ઉતારતાં જઈએ. તો દુઃખો માંથી બહાર નીકળતાં જઈએ, નીકળતાં જઈએ. મુક્તિ તરફ આગળ વધતાં જઈએ, વધતાં જઈએ. આ નિસર્ગનો નિયમ છે, કુદરતનો કાનૂન છે, વિશ્વનું વિધાન છે. આને જ પુરાણા ભારતમાં ઋત કહેતા, ધર્મ-નિયામતા કહેતા. આ ધર્મના નિયમો છે. મન મેલું કરશો, તો દુઃખ જાગશે જ. મેલને દૂર કરી લેશો તો દુઃખમાંથી મુક્તિ મળશે જ, સુખ જાગશે જ. આ નિયમમાં કોઈ ફેરફાર કરી શકતું નથી. પ્રકૃતિના આ નિયમો અતૂટ છે. મેં દુઃખનું બીજ વાવ્યું હોય તો દુઃખ જ ઉપજશે. સુખનું બીજ વાવ્યું હોય તો સુખ જ ઉપજશે. આટલી સીધી-સાદી વાત અને તે પણ ભૂલી જઈએ ! છતાંય ભૂલી ગયાં, તેથી તો વિપશ્યના આપણા દેશમાંથી નષ્ટ થઈ.

અનેક કારણ હતાં નષ્ટ થવાનાં, તેમાંથી એક કારણ એ કે બીજું કોઈ કરી દેશે. મને બીજું કોઈ મુક્ત કરી દેશે. મારા પર કોઈની કૃપા થઈ જશે. તે મને મુક્ત કરી જ દેશે.

તારી ઉપર જ કૃપા કેમ થશે ? બીજાં ઉપર કેમ નહીં ? ભ્રાંતિઓમાં જ આખું જીવન વિતાવી દઈએ છીએ. કાં તો મુક્ત કરનારની પાસે એટલી શક્તિ નથી કે તે બધાંને મુક્ત કરી દે, તેને હજાર શક્તિમાન કહીએ, પણ શક્તિ નથી. અને શક્તિ હોય, તો કરૂણા નથી. કરૂણા જાગે તો દુનિયાનાં બધાં પ્રાણીઓને દુઃખમુક્ત કરી દે. અરે, વિચારો ભાઈ, નથી કરતો ને ! પોતાના મનને કલ્પનાઓમાં ડૂબાડી રાખીને આપણે ધર્મને જ ભૂલી ગયાં હતાં. બીજું કોઈ કરી દેશે... બીજું કોઈ કરી દેશે ! કેમ કે અમે તેની ખુશામત કરી દીધી, અમે તેની પ્રશંસા કરી નાખી, અમે તેનાં વખાણ કરી દીધાં, અમે તેની બહુ ભક્તિ કરી દીધી ! તો આ કેવો છે ? તેને પોતાની પ્રશંસા સાંભળવાનો બહુ શોખ છે. પોતાનાં વખાણ સાંભળવાનો બહુ શોખ છે. જે વખાણ કરશે, તેને તો દુઃખ મુક્ત કરી દેશે. જે ખુશામત કરશે, તેને દુઃખમુક્ત કરી દેશે. અરે, તો આપણે એવા અહંકારી પ્રાણીની કલ્પના કરી લીધી ? જેમાં એટલો અહંકાર છે કે મારી પ્રશંસા કરો, બધાં મળીને મારાં ગીત ગાઓ તો હું બધાંને મુક્ત કરી દઈશ ! પરંતુ એમ થતું તો નથી - આ વિચારવું બંધ કરી દીધું, સમજવું બંધ કરી દીધું. તો ભાઈ, હવે સમજીએ કે મારી જવાબદારી છે, મારે પોતાનો મેલ ઉતારવાનો છે. કોઈ બહુ કૃપા કરશે, કરૂણા કરશે, તો રસ્તો દેખાડી દેશે.

લોકોમાં આ વાત ફેલાય કે અમારે સ્વયં મુક્ત થવાનું છે, અને કુદરતના જે નિયમ છે, અથવા કહો કે પરમાત્માના જે નિયમ છે તેના અનુસાર જીવન ઢાળવાનું છે. આ હોશ જાગે, તો માણસ ધર્મના રસ્તે ચાલે છે. મુક્તિના રસ્તે ચાલે છે. પરંતુ લોકોમાં જ્યારે આ હોશ જાગે છે તો પુરોહિતોની ધરતી હલી જાય છે. હવે અમને કોણ પૂછશે ? આ લોકો તો કહે છે કે અમે પોતે મુક્ત થઈ જઈશું. તો અમારી શી જરૂર રહેશે ? તેથી પ્રચાર ચાલે છે. અરે તમે બહુ દુર્બળ છો રે ! તમે બહુ પતિત છો રે ! તમે પોતે જાતે મુક્ત થશો ? આવું વિચારવું પણ નહીં ! આવો અમારી પાસે. અમે આ કર્મકાંડ કરાવી દઈશું તો બધાં પાપ ધોવાઈ જશે ; અમે તમારા માટે આ પૂજા કરી દઈશું, બધાં પાપ ધોવાઈ જશે. અમે તમારા માટે પાઠ કરી દઈશું, બધાં પાપ ધોવાઈ જશે. બહુ સરળ લાગે છે. આટલી બધી મહેનત કરીએ, વિપશ્યના કરીએ, મનને વશમાં કરવાની કોશિશ કરીએ ! અરે ભાઈ, અમારાથી નથી થતું. આને જુઓને, તેઓ અમારા માટે બધું કરી દેશે અને અમે મુક્ત થઈ જઈશું. અમારી ઉપર કોઈની કૃપા થઈ જશે. જેમ કોઈ દુકાનદાર નફો મેળવવા માટે કેવાં છળ-કપટ કરે છે, કેટલો પ્રપંચ કરે છે ! તો પછી બિચારા પુરોહિતોનો શો દોષ ? આપણે સ્વયં વિચારવું જોઈએ કે કોઈના છળમાં ન આવી જઈએ. જરા વિચારીને જોઈએ કે એ શી રીતે થઈ શકે ? બીજું કોઈ કરી દે છે, તો બધાંને માટે શાને નથી કરી દેતુ ? આ પ્રશ્ન જ મનમાં નથી આવતો કે આખો સંસાર દુઃખી કેમ છે ? પ્રાર્થના પણ ઘણા લોકો કરે છે. પ્રાર્થના કરનારા બધાનાં દુઃખ દૂર કેમ ન થઈ ગયાં ? કેમ કે વિચારવું જ બંધ કરી દીધું, સમજવું બંધ કરી દીધું, તો પોતાની જાતને સુધારવાનું બંધ કરી દીધું.

ઘણાં એવું માને છે. કે આખા સંસારને બનાવનારો કોઈ ઈશ્વર છે, કોઈ પરમાત્મા છે, કોઈ અલ્લાહ-તાલા છે અને તેણે જ આ નિયમો બનાવ્યા છે. વિચારો, તેને ખુશ કરવો હોય તો આ નિયમોનું પાલન કરશું તો તે ખુશ જ થશે ને ? તેના નિયમો તોડીએ અને તેની પ્રશંસા પણ કરીએ ! જેમ રાજ્યનાં નિયમો તોડીએ અને થાણેદારને પાલખી મોકલી દઈએ, આપણું કામ થઈ જાય ! એવો જ બનાવી લીધો આપણે ઈશ્વર ! ડૂબતો જ ગયો ધર્મ ! જેમ જેમ આ પુરોહિતોના હાથમાં ગયો કે ડૂબતો જ ગયો. હવે તો હોશમાં આવીએ ! બહાર નીકળીએ ! કોઈ સામે ઘૃણા નહિ, કોઈ પ્રત્યે દ્વેષ નહીં. આપણે પોતાની જાતને સંભાળીએ. પોતાની જાતને બચાવીએ. ધીરે ધીરે પુરોહિતવર્ગ પણ સમજવા લાગશે કે અમે ખોટો રસ્તો અપનાવ્યો. તે પણ બદલવા લાગશે. આખી દુનિયા બદલવા લાગશે. પહેલાં પોતાની જાતને બદલવાની છે, પછી દુનિયા બદલતી જશે.

મેં જે કહ્યું કે ભારતમાંથી આ વિદ્યા નષ્ટ શી રીતે થઈ. કેમ કે પુરોહિતોના હાથમાં ચાલી ગઈ. એનો અર્થ એવો નથી કે કોઈ એક સંપ્રદાયના પુરોહિત. પુરોહિત પુરોહિત છે. આ પરંપરાના પુરોહિતોએ પણ એ જ કર્યું. બુદ્ધની પરંપરામાં પણ પુરોહિતો પેદા થઈ ગયા. આવો, અમે આ કર્મકાંડ કરી દઈએ છીએ. આવો તમને મૈત્રી દઈશું. તમે એકદમ પાપથી મુક્ત થઈ જશો. તો ધર્મ જેમ પહેલાં ડૂબ્યો તેમ હવે પણ ડૂબવાનું શરૂ થઈ જશે. આથી જે જે સમજદાર સાધક છે અને જે જે શીખવનાર સમજદાર છે તેમણે બધાએ સજાગ રહેવાનું છે. પોતાના અહંકાર ને દૂર કરીને વિનમ્રભાવે વ્યવહાર કરતાં કરતાં ધર્મને જીવિત રાખવાનો છે. વધુમાં વધુ લોકોનાં કલ્યાણ માટે તેને શુધ્ધ રાખવાનો છે. આ વાત બધાની સમજમાં આવે, આ વાત ખૂબ ફેલાય તો ખરેખર મંગલ થશે, કલ્યાણ થશે. બધાં દુખિયારાને માટે કલ્યાણનો રસ્તો ખુલશે. જે જે ચાલશે તેનું કલ્યાણ થશે. રસ્તો કાયમ રહેશે. નહિ તો ધીરે ધીરે ખતમ થઈ જશે. 'કોઈ તારવાવાળું છે ને, એ તારી દેશે. આપણે શા માટે મહેનત કરવી. દસ દિવસની શિબિરમાં જવું ? અરે ત્યાં મૌન રહેવું પડે છે ? સાંજે જમવા જ નથી મળતું. શા માટે જઈએ રે ? નથી જવું. આ છે ને તારવા વાળો ! એ અહીં બેસીને મૈત્રી આપે છે ને ! આપણે તો તરી જ જઈશું ને !' દેખાય છે કે આ દુર્દશા થવાની છે. થોડાંક પાગલ લોકો આવું કરશે. પણ જે જે સમજદાર વિપશ્યી છે, તેઓ આવી મૂર્ખતાને પોષણ નહી આપે. પોતાના ભલા માટે, અને બીજાના ભલા માટે પણ, વિપશ્યનામાં પુરોહિતગીરી આવવા ન પામે, એ માટે ખૂબ સજાગ રહીશું તો ખૂબ કલ્યાણ થશે.

અરે, આ અણમોલ રત્ન આપણને મળ્યું છે ! તેનાથી આપણને આટલો લાભ થયો છે ! એ રીતે વધુને વધુ લોકોને લાભ થાય ! સંસારમાં આટલા દુઃખિયારા લોકો છે. તેમને સાચો રસ્તો મળે ! તેઓ પણ પોતાની મહેનતથી પોતાના પ્રયત્નોથી પરિશ્રમથી દુઃખોમાંથી બહાર નીકળવાનો રસ્તો પ્રાપ્ત કરે ! આ ભાવ જ કલ્યાણનો ભાવ છે. અને જો આ ભાવ ન રહે તો 'મારા માટે કોઈ ને કોઈ કરી દેશે' ની વાત જેટલી જેટલી ફેલાશે તેટલો-તેટલો ધર્મનો હ્રાસ થશે, ધર્મની ગ્લાનિ થશે, ધર્મની હાનિ થશે. ધર્મને પુનઃ સ્થાપિત કરવો હોય તો આ શુધ્ધ રૂપમાં જ સ્થાપિત થશે. આ ભાવ ખૂબ જાગે ! ધર્મ પોતાના શુધ્ધ રૂપમાં ચિરાયુ રહે, દીર્ઘાયુ રહે ! આપણે તેમાં જેટલું કરી શકીએ તેટલું કરીશું. ખૂબ ભલું થાઓ ! ખૂબ મંગલ થાઓ. બધાંની સ્વસ્તિ - મુક્તિ થાઓ'

ભવતુ સબ્બ મંગલં

(હિન્દી નવા વર્ષના શુભ દિને / જમુનાબાઈ નરસી સ્કૂલ, મુંબઈમાં પૂજ્ય ગુરૂજી દ્વારા જૂના સાધકોને અપાયેલું આંશિક સંબોધન ૨૬-૧૦-૨૦૦૩)

# બુદ્ધ-જીવન-ચિત્રાવલી

બુદ્ધ જીવન - ચિત્રાવલીના લગભગ ૧૫૦ ચિત્રો ગ્લોબલ વિપશ્યના પગોડાની આર્ટ ગેલેરીમાં સુશોભિત થશે. તેના પર અવિરત કામ ચાલી રહ્યું છે. પરંતુ હજુ સુધી બધાં ચિત્રો બની શક્યાં નથી. ધમ્મગિરીની આર્ટ-ગેલેરીમાં લગાવેલા ૨૭ આલેખો (ઘટનાઓ) અને ૩૧ ચિત્રોની એક પુસ્તિકા 'બુદ્ધ જીવન ચિત્રાવલી' નામે પ્રકાશિત થઇ છે. એમાં ડાબા પૃષ્ઠ પર એક ચિત્ર છે. અને જમણા પૃષ્ઠ પર આલેખ (ઘટના) છે. એથી ભગવાન બુદ્ધના જીવન સાથે સંબંધિત તે ઘટનાઓને સમજવી સરળ બની જાય છે અને તેના બારામાં ફેલાએલી ગેરસમજ પણ દૂર થાય છે. કેમકે તે પુસ્તિકાનું નામ 'બુદ્ધજીવન-ચિત્રાવલી' રાખવામાં આવેલ છે. તેથી તેના બાકીના લેખો હાલ પૂરતા આ નામથી પ્રકાશિત થશે. જેમણે આ પુસ્તિકા વાંચી નથી, તેઓને આ આલેખોથી પ્રેરણા મળશે, અને તેઓ આધુનિક ટેકનિકથી છપાયેલી આ અત્યંત સુંદર અને પ્રેરણાદાયી પુસ્તિકા 'બુદ્ધવાણી-ચિત્રાવલી' ને જોવા વાંચવા તરફ વળશે. તેને કેવળ જોઇ વાંચીને જ સંતુષ્ટ ન થઇ જાય. બલ્કે, વિપશ્યનાનો અભ્યાસ કરીને સદ્ધર્મ થકી ખરા અર્થમાં લાભાન્વિત થાય !

## અછૂત કન્યા

ઊંચ-નીચની નાત-જાતનો વિકટ ભેદભાવ અને અસ્પૃશ્યતાનું કલંક ન જાણે ક્યારનું ભારતની સામાજિક વ્યવસ્થાને દૂષિત કરતું આવ્યું છે. ૨૬૦૦ વર્ષ પૂર્વના બુદ્ધકાલીન ભારતમાં પણ આ વિષ પ્રખર રૂપે ફેલાયેલું હતું. કહેવાતા ઉચ્ચવર્ણીય બ્રાહ્મણો અને ક્ષત્રિયોમાં પણ પારસ્પરિક પ્રતિદ્વંદ્વની પ્રબળ હોડ લાગી હતી. એક બાજુ બ્રહ્માના મુખમાંથી ઉત્પન્ન થયાનો દાવો કરનારા બ્રાહ્મણો પોતાની જાતને શ્રેષ્ઠ તથા બીજાઓને નીચા માનવાનો દાવો કરતા હતા. જેમ કે :-

ब्राह्मणाव ब्रह्मुनो पुत्ता । ....... ब्राह्मणोव सेट्ठो वण्णो, हीना अञ्ञे वण्णा ।

(दी.नि. ३.११४ अग्गञ्ञसुत्त)

જ્યારે બીજી બાજુ ક્ષત્રિય ચાર વર્ણોમાં પોતાની જાતને સદા પ્રાથમિકતા આપતા હતા. જેમ કે :-

खत्तिया ब्राह्मणा वेस्सा, सुद्दा चण्डालपुक्कुसा ।

(विमानवत्थु – ९९५)

તેઓની માન્યતા હતી :-

खत्तियो द्विपदं सेट्ठो । મનુષ્યોમાં ક્ષત્રિય શ્રેષ્ઠ હોય છે.

(संयुत्तनिकाय, सगाथावग्गो, १४ खत्तियसुत्त)

અને વળી બ્રાહ્મણ-બ્રાહ્મણમાં પણ ઊંચ-નીચનો ભેદભાવ ચાલતો હતો. જેમ કે કાત્યાયન અને વાશિષ્ટ બ્રાહ્મણ ઉચ્ચ તથા કોસિય અને ભારદ્વાજ બ્રાહ્મણ હીન માનવામાં આવતા હતા.

(विनयपिटक पाचित्तियकण्डं – १८)

એ પ્રકારે ક્ષત્રિય-ક્ષત્રિયમાં પણ ઊંચ-નીચનો ભેદભાવ ચાલતો હતો. જેમ કે શાક્યવંશીય ક્ષત્રિય પોતાની જાતને ઊંચી જાતિના માનતા હતા, અને કોશલનરેશ પ્રસેનજિત નીચી જાતિના.

એ જ રીતે ચાતુર્વર્ણી બ્રાહ્મણી પરંપરામાં શુદ્રોને બ્રહ્માના પગમાંથી ઉત્પન્ન થયેલા ઘોષિત કરી બધાથી નીચવર્ણીય માનવામાં આવતા હતા. પરંતુ ચાંડાલ અને પુક્કુસને શૂદ્રોથી પણ નીચા માનવામાં આવતા હતા. તેઓને સદૈવ અછૂત, અસ્પૃશ્ય, ઉત્પીડિત, શોષિત, અંત્યજ અને અવર્ણ રાખવામાં આવતાં હતાં. તેમને અડકવું તો દૂર, તેમનો પડછાયો પડવા માત્રથી પણ એક સવર્ણ વ્યક્તિ અપવિત્ર થઇ જવાનું માનવામાં આવતું હતું. તેમનું અડકેલું પાણી પણ પીવામાં ન આવતું. તેઓ ઉચ્ચવર્ણીય લોકોના વાવ-કૂવામાંથી પાણી ન લઇ શકતા. તેઓના વાવ-કૂવા અલગ રહેતાં, જેનું પાણી ઉચ્ચવર્ણના લોકો કદાપિ નહોતા પીતા.

તે દિવસોની એક ઘટના :

પ્રકૃતિ નામની એક સોળ વર્ષની અછૂત કન્યા પોતાના પરિવાર માટે અછૂતોના કૂવામાંથી પાણી ભરી રહી છે. દરિદ્રતાને લઇ મેલાં-ઘેલાં, ફાટયાં-તૂટયાં વસ્ત્રો પહેર્યાં છે. સામેથી ભગવાન બુદ્ધના ઉપસ્થાક(સેવક) આનંદ ચાલીને આવી રહ્યા છે. ભગવાનનો પિતરાઇ ભાઇ આંનદ અત્યંત સુંદર છે, ગૌરવર્ણ છે, પ્રબળ પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવે છે. સ્પષ્ટરૂપે ઉચ્ચવર્ણીય ક્ષત્રિય દેખાય છે. ચાલીને આવી રહ્યા છે. ગરમીને લીધે શરીર શેકાઇ રહ્યું છે. તરસને લીધે કંઠ સુકાઇ રહ્યો છે. કૂવાની સમીપ આવે છે. અને પ્રકૃતિને પાણી ભરતી જોઇને તેની પાસેથી પીવા માટે પાણી માગે છે. અછૂત કન્યા પ્રકૃતિ હેબતાઇ જાય છે. આ વ્યક્તિ ભિક્ષુ હોવા છતાં પણ સ્પષ્ટપણે ઉચ્ચ વર્ણની જ છે, પરંતુ તે નથી જાણતો કે હું નીચી જાતિની છું. શા માટે હું જ તેને ન જણાવી દઉં કે હું અછૂત પરિવારની યુવતી છું. આ કૂવો પણ અછૂતોનો છે. આ પાણી હું કોઇ ઊંચા કુળની વ્યક્તિને પીવા માટે ન દઇ શકું. ત્યારે તે બહુ ભોળા ભાવે કહે છે.

''શ્રમણ ! હું નીચી જાતિની યુવતી છું. હું તમને પીવા માટે આ કૂવાનું પાણી શી રીતે આપી શકું ?

ભિક્ષુ આનંદે તુરંત ઉત્તર આપ્યો, ''બહેન ! મેં તારી પાસે પાણી માગ્યું. જાતિ નથી પૂછી.'' ધન્ય છે ભગવાન બુદ્ધ અને એમનો નાત-જાત ભાંગતો ઉપદેશ અને ધન્ય છે એમના ઉપદેશનું પાલન કરનારા સર્વવર્ણીય શિષ્યો !

ભિક્ષુ આનંદના આગ્રહથી હેબતાએલી, સંકોચાયેલી અછૂત કન્યા પ્રકૃતિએ તેમને પાણી દીધું. પ્રસન્નતાપૂર્વક પાણી પીને ભિક્ષુએ પોતાની તરસ છિપાવી અને ચાલી નીકળ્યો.

## જૂના સાધકો માટે સૂચના

**સતિપટ્ઠાન શિબિર માટે જરૂરી સૂચના :** ઓછામાં ઓછી ત્રણ શિબિર કરેલ સાધકો, જે છેલ્લા એક વરસથી નિયમિત અને ગંભીરતાપૂર્વક દૈનિક અભ્યાસ કરતા હોય. (લઘુ શિબિર તથા સતિપટ્ઠાનનું સમાપન અંતિમ દિવસે સાંજે થાય છે.)

**વિશેષ ૧૦ દિવસીય શિબિર :** પાંચ સામાન્ય શિબિર તથા એક સતિપટ્ઠાન શિબિર કરેલા તથા એક દસ દિવસીય શિબિરમાં સેવા આપેલ સાધકો માટે, જે છેલ્લાં બે વરસથી નિયમિત દૈનિક અભ્યાસ કરતા હોય તથા ધ્યાનવિધિ પ્રત્યે અનન્યભાવથી પૂર્ણ તથા સમર્પિત હોય. વિશેષ આવેદનમાં અરજી કરશોજી.

